આ રહ્યો ‘ગુજરાતમિત્ર’નો 80s ટ્રેન્ડવાળો રેટ્રો લૂક...

સાયબર ફેન્ટસી અને સોશિયલ મીડિયાની દુનિયામાં જીવતા લોકોને દરરોજ કંઇકને કંઇક નવું જોઇએ છે. માણસ વૃદ્ધ થાય ત્યારે કેવા લાગશે તે લઇને જિબલીનો ટ્રેન્ડસ પણ આવી ચૂક્યો છે. ત્યારે આજકાલ એઇટીઝ જબરજસ્ત ટ્રેન્ડમાં છે. નેતા, નેત્રી, અભિનેતા અને અભિનેત્રી 80ના દાયકામાં કેવા લાગતા હતા તે તૈયાર કરેલા ફોટોઝ સોશિયલ મીડિયામાં અપલોડ કરી રહ્યાં છે. કેટલાક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સે તૈયાર કરેલા ફોટો અપલોડ કરી રહ્યાં છે તો કેટલાક લોકો તે સમયે પડાવેલા ફોટો અપલોડ કરી રહ્યાં છે. આ ટ્રેન્ડ વચ્ચે ‘ગુજરાતમિત્ર’નો પણ 80s ટ્રેન્ડવાળો રેટ્રો લૂક અહીં પ્રસ્તુત છે. 80ના દાયકાની અનેક મોટી ઘટનાઓ સાથેનું ‘ગુજરાતમિત્ર’નું કવરેજ તે સમયે કેવા પ્રકારનું હતું? કેવા ફોન્ટ વાપરવામાં આવતા હતા? તે સચિત્ર રજૂ કરવામાં આવ્યું છે.

1980

ભારતીય જનતા પાર્ટીની સ્થાપના

6 એપ્રિલ 1980ના રોજ ભારતીય જનતા પાર્ટી નામના નવા પક્ષનો ભારતમાં ઉદય થયો હતો. ભારતીય જનસંઘ દ્વારા અલગ ચોકો ઊભો કરીને આ પક્ષની સ્થાપના કરવામાં આવી હતી.

1984

ઇન્દિરા ગાંધીની હત્યા

31 ઓક્ટોબર 1984 સવારે 9.40 કલાકે ત્રણ શીખ હત્યારાઓએ ગોળીઓના વરસાદથી વડાંપ્રધાન ઇન્દિરા ગાંધીને વિંધી નાંખ્યા હતાં. સામાન્ય રીતે આ સમાચાર બીજા દિવસે એટલે કે 1 નવેમ્બરના રોજ પ્રસિદ્ધ થતાં હોય છે પરંતુ 31 ઓક્ટોબરે જ ‘ગુજરાતમિત્ર’એ બપોરે જ વધારો બહાર પાડ્યો હતો.

1983 ભારત ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા બન્યું

25 જૂન 1983ના રોજ ક્રિકેટ વિશ્વકપની ફાયલમાં ભારતે વેસ્ટ ઇન્ડિઝને 43 રનથી પરાજય આપ્યો હતો. ભારતે 60 ઓવરની મેચમાં 183 રન કર્યા હતા જેનો જવાબ આપવા ઉતરેલી વેસ્ટ ઇન્ડિઝની ટીમ 52 ઓવરમાં 140 રનમાં ઓલઆઉટ થઇ ગયું હતું.

1987

ભારતમાં રિલાયન્સ વર્લ્ડ કપ

8 ઓક્ટોબરના રોજ પહેલી વાર ઇંગ્લેન્ડની બહાર ક્રિકેટ વર્લ્ડકપનું આયોજન ભારતમાં કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચેની મેચથી આ ટુર્નામેન્ટ શરુ થઇ હતી.

1982

એશિયાડ ગેમ્સ

19 નવેમ્બર 1982માં ભારતે એશિયાડ ગેમ્સની મેજબાની કરી હતી. જેનું ઉદ્ઘાટન જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં 75000 પ્રેક્ષકોની હાજરીમાં રાષ્ટ્રપ્રમુખે કર્યું હતું.

1984

ઓપરેશન બ્લુ સ્ટાર

6 જૂન 1984ના રોજ ઓપરેશન બ્લુસ્ટાર શરુ કરી સુવર્ણ મંદિરનો મોટો ભાગ કબજે લેવામાં આવ્યો હતો. જેમાં 48 જવાન શહિદ થયા હતા જ્યારે 250 ઉગ્રવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતાં. જ્યારે લોંગોવાલે સહિત 450 આતંકવાદીઓએ શરણાગતિ સ્વીકારી હતી.

1984 મારુતિ કારનું લોન્ચિંગ

14 ડિસેમ્બરના રોજ ભારતમાં નવા કાર્યુગની શરુઆત થઇ હતી. ફિયાટ અને એમ્બસેડર બાદ 14 ડિસેમ્બર 1983 ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ ભારતમાં બનેલી પ્રથમ મારુતિ 800 (Maruti 800) કારની ચાવી તેના પ્રથમ ગ્રાહક હરપાલ સિંહને સોંપીને આ કારનું વિતરણ સત્તાવાર રીતે શરુ કરાવ્યું હતું

1984 ભારતનો પહેલો અવકાશયાત્રી

3 એપ્રિલ 1984 ભારતના પહેલા અંતરિક્ષ યાત્રી રાકેશ શર્માનું અવકાશમાં પ્રયાણ થયું હતું. 6 એપ્રિલના રોજ તેમણે અવકાશમાંથી ભારતની પહેલી લીધેલી તસવીર મોકલી હતી.

1984 ભોપાલ ગેસ દુર્ઘટના

3 ડિસેમ્બર 19984માં ભોપાલ ગેસ દુર્ઘટનામાં 410 લોકોનાં મોત થયાં હતાં. જ્યારે 20હજાર લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બીજા દિવસે આ મૃત્યું આંક 1200 પર પહોંચી ગયો હતો.

ડાંગ જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ હસ્તકનાં ત્રણેય તાલુકાનાં માર્ગો, પુલો, કોઝવેકમ પુલો, સંરક્ષણ દીવાલો જનજીવન સહીત વાહન વ્યવહાર માટે સુગમ બન્યા

ડાંગ જિલ્લાનાં પ્રભારી મંત્રી જયરામભાઈ ગામીત,લોકસભાનાં દંડક અને વલસાડ-ડાંગનાં ઉત્સાહી સાંસદ ધવલભાઈ પટેલ, અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને ડાંગ જિલ્લાનાં ધારાસભ્ય વિજયભાઈ પટેલ,ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ રાજેશભાઈ ગામીત, ડાંગ જિલ્લા પંચાયતનાં બાંધકામ સમિતિનાં અધ્યક્ષ ચન્દ્રકલાબેન એન. ગાવીતનાઓનાં સહિયારા પ્રયાસ અને માર્ગદર્શન થકી ડાંગ જિલ્લા પંચાયતનાં માર્ગ મકાન વિભાગ હસ્તકનાં અતિ અંતરિયાળ વિસ્તારોનાં ગામડાઓમાં ડામરસપાટીનાં માર્ગો, કોઝવે કમ પુલો, નાળા, સંરક્ષણ દિવાલો, આંગણવાડી, પશુદવાખાના,ગ્રામ પંચાયત ઘર,પેચ વર્ક સહિત મોટા પુલોનું નિર્માણનું ભગીરથ કાર્ય કરી વિકાસની કેડી કંડારી વનબંધુઓને કલ્યાણકારી સુવિધાઓ પુરી પાડી છે.ડાંગ જિલ્લા પંચાયતનાં જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલાનાં માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેર પી.આર.ચૌધરીનાં રાહબરી હેઠળ વઘઈ પેટા સબ ડિવિઝન વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર ટી.આઈ. પટેલ, આહવા અને સુબિર પેટા સબ ડિવિઝનનાં નાયબ કાર્યપાલક ઈજનેર એમ.ડી. પટેલ તથા મદદનીશ ઈજનેરો તથા અધિક મદદનીશ ઈજનેરોની ટીમમાં સાગરભાઈ ગંવાદે, પ્રતીકભાઈ ગાવીત, આર.એલ.ચૌધરી, અંકુરભાઈ પટેલ,તેજશભાઈ ગામીતનાંઓએ ચાલુ વર્ષે અનરાધાર વરસાદમાં પણ પ્રભાવિત થયેલ અંતરિયાળ અને નીચાણવાળા ગામડાઓનાં માર્ગો પર ખાડાઓનું પુરાણ સહિત પેચવર્ક, નાળા સફાઈની કામગીરી, ગેંટ્રીની કામગીરી, સૂચક બોર્ડની કામગીરી કરી ગામડાઓનું જનજીવન વાહનવ્યવહાર માટે ધબકતુ રાખ્યુ છે.ડાંગ જિલ્લા પંચાયતનાં માર્ગ મકાન વિભાગનાં કર્મીઓએ હાલમાં થોડા દિવસો પૂર્વે અનરાધાર વરસાદમાં પણ જેસીબી જેવા સાધનો સાથે ગામડાઓનાં અંતરિયાળ માર્ગો પર પહોંચી જઈ અસરગ્રસ્ત માર્ગો, નાળા, અને કોઝવે કમ પુલોનાં મરામતની કામગીરી હાથ ધરી જનજીવન માટે માર્ગો સુગમ બનાવ્યા છે. સાથે અનરાધાર વરસાદમાં પણ જિલ્લા પંચાયત હસ્તકનાં અમુક માર્ગો પર વૃક્ષો, માટીનાં મલબો સહિત ભેખડો ધસી પડવાનાં બનાવો બન્યા હતા. અહી ડાંગ જિલ્લા પંચાયતનાં કાર્યપાલક ઈજનેર પી.આર. ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ નાયબ કાર્યપાલક ઈજનેરોમાં ટી.આઈ. પટેલ તેમજ એમ.ડી. પટેલ તથા મદદનીશ ઈજનેરોની ટીમોએ તુરંત જ જે તે સ્થળ અથવા માર્ગની મુલાકાત કરી આ અવરોધાયેલ માર્ગને પુનઃ ખુલ્લા કરી જનજીવન માટે પૂર્વવત કરી સરાહનીય કામગીરી હાથ ધરી હતી.ડાંગ જિલ્લા પંચાયત હસ્તકનાં માર્ગ મકાન વિભાગની ટીમ દ્વારા ચાલુ વર્ષે ગામડાઓનાં પાયાના માર્ગોનાં નવીનીકરણની કામગીરી હાથ ધરી વનબંધુઓને ઘર અને ગામ સુધી પહોંચવા માટે સરળતાવાળી સગવડ ઉભી કરી આપતા તેમની કામગીરીને લોકોએ બિરદાવી હતી.ડાંગ જિલ્લા પંચાયતનાં માર્ગ મકાન વિભાગ દ્વારા જૂન મહિનાથી હાલમાં સપ્ટેમ્બર સુધીમાં માર્ગોની સાઈડની સાફસફાઈ,ધોવાણ થયેલ માર્ગોની મરામત કરી અંતરીયાળ વિસ્તારનાં લોકોની ખેવના કરી ગુજરાતનાં ઝડપી માર્ગો અને સલામત માર્ગોનું સૂત્ર ખરા અર્થમાં સાકાર કર્યુ છે..

ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગ હસ્તક નિર્માણ પામેલ ચેકડેમો, સંગ્રહ તળાવ, ઉદવહન સિંચાઈ યોજના તથા કૂવાઓનાં વિકાસકીય નિર્માણનાં પગલે ડાંગના ખેડૂતો આર્થિક રીતે સધ્ધર બન્યા છે.

ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગનાં સહિયારા પ્રયાસનાં કારણે જનજીવન સહિત પશુપાલન માટે પાણીની સગવડો સુખકારી સાબિત થઈ છે. ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ રાજેશભાઈ ગામીત તથા ડાંગ જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિનાં ચેરમેન જીતેન્દ્રભાઈ ડી. પવારનાં માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગનાં નેજા હેઠળ નિર્માણ પામેલ ચેકડેમ, કૂવાઓ તથા સંગ્રહ તળાવ, રીપેરીંગ ચેકડેમો, ઉદવહન સિંચાઈ યોજનાઓનાં વિકાસનાં પગલે જિલ્લાનાં ગામડાઓમાં પાણીની સાથે હરિતક્રાંતિ જોવા મળી રહી છે. ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫/૨૬માં ડાંગ જિલ્લાનાં આહવા, વઘઇ અને સુબિર તાલુકાનાં ગામડાઓમાં નદી, કોતરડા અને વહેળાઓ પર ચેકડેમોનું નિર્માણ તથા અસરગ્રસ્ત થયેલ ચેકડેમોનાં રીપેરીંગની કામગીરી પૂર્ણ કરી જનજીવન, પશુપાલન સહિત ખેતી માટે ખેડૂતોની તરસ બુઝાવી ઉમદા કામગીરી હાથ ધરી છે. ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગ દ્વારા ગામડાઓમાં કુવાઓ તથા સંગ્રહ તળાવ, ઉદવહન સિંચાઈ યોજનાનાં વિકાસકીય કામોનું નિર્માણ કરી ગામડાનાં લોકો માટે પીવાનાં પાણી સહિત ખેતી ક્ષેત્રે સદ્ધર બનાવ્યા છે. ડાંગ જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા(IAS) નાં માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગનાં ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર બી.પી. પટેલનાં માર્ગદર્શન હેઠળ વઘઇ પેટા સબ ડિવિઝન સિંચાઈ વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર બી.પી.પટેલ, આહવા પેટા સબ ડીવીઝન સિંચાઈ વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર તથા સુબિર પેટા સબ ડિવિઝન સિંચાઈનાં નાયબ કાર્યપાલક ઈજનેર ભાવેશભાઈ ટી. પટેલ તેમજ આહવા, વઘઇ અને સુબિર પેટા સિંચાઈ વિભાગનાં મદદનીશ ઈજનેરોમાં જીગરભાઈ ચૌધરી, મોન્ટુભાઈ તલાવિયા, નીરજભાઈ ગાવીત, હિતેશભાઈ પટેલ, પી.એમ. ચૌધરી, અભિષેક ગાવિત તથા રવિન્દ્રભાઈ પવારનાઓએ ચેકડેમો તથા કૂવાઓનાં બાંધકામ તથા રીપેરનાં કામો, સંગ્રહ તળાવ અને ગામડાઓમાં ઉદવહન સિંચાઈનાં વિકાસકીય કામોની ઘનિષ્ટ સુપરવિઝનની કામગીરી હાથ ધરી ગુણવત્તાયુક્ત કામગીરી કરાવી હતી. જેના પગલે ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ વિભાગ હસ્તકનાં ચેકડેમો અને કૂવાઓ અને સંગ્રહ તળાવોમાં પાણી સંગ્રહની ક્ષમતા સફળ બનતા છેવાડેનાં ડાંગીજનો માટે પાણીની યોજનાઓ સફળ બની છે.ડાંગ જિલ્લા પંચાયત હસ્તકનાં સિંચાઈ વિભાગ દ્વારા પાણી સંગ્રહની યોજનાઓમાં જિલ્લાનાં ગામડાઓમાં સફળ કામગીરી કરતા સરકારની પાણીની યોજનાઓ સાર્થક થઈ છે.

દક્ષિણ ડાંગ વન વિભાગનાં નેજા હેઠળ 5મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી..

5મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને આહવામાં IDY પ્રોટોકોલ યોગ શિબિર અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

"પ્રકૃતિ અને યોગ જનજાગૃતિ માટે" થીમ હેઠળ યોગાભ્યાસ અને "એક પેડ માં કે નામ 3.0" અભિયાનને પ્રોત્સાહન આપવા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને વન વિભાગ, ડાંગના સંયુક્ત ઉપક્રમે આજરોજ વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.5મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે આજરોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને દક્ષિણ વન વિભાગ, ડાંગના સંયુક્ત ઉપક્રમે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક ડાંગના ધારાસભ્ય વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને IDY (International Day of Yoga) પ્રોટોકોલ યોગ શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષ બચાવવાની હાંકલ કરી, વિજયભાઇ પટેલે વનોનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતુ કે, "વન છે તો જીવન છે, વન વગરનું જીવન નક્કામું છે." ડાંગ જિલ્લો પ્રકૃતિ સાથે જોડાયેલો છે. વનો દ્વારા આ જિલ્લાની શોભા વધે છે ત્યારે વનોનું જતન કરવું એ આપણી સૌની જવાબદારી છે.વૃક્ષ પરોપકારી છે. જે જન્મ થી લઇ મૃત્યુ સુધી આપણાં માટે ઉપયોગી બને છે. જેથી કોઇપણ શુભ પ્રસંગે અવશ્ય વૃક્ષ વાવવા વિજયભાઇ પટેલે સૌને અપીલ કરી હતી. વધુમાં વિજયભાઇ પટેલે સૌને પોતાના જીવનમાં યોગ અપનાવી શરીરને તંદુરસ્ત બનાવી રોગ ભગાડવાનો મંત્ર આપ્યો હતો. સાથે જ યોગ દ્વારા વ્યક્તિની બદલાતી મનોશારીરિક સ્થિતિનો ખ્યાલ આપી, સૌને યોગ થકી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા સંકલ્પબદ્ધ થવાની હાંકલ કરી હતી. આ ઉપરાંત ડાંગને પ્લાસ્ટિક મુક્ત જિલ્લો બનાવી વિજળી અને પાણીનો ખપ પુરતો જ ઉપયોગ કરવા વિજય પટેલે સૌને અપીલ કરી હતી.વિશ્વ પર્યાવરણ દિન' આ દિવસ માત્ર એક ઔપચારિક ઉજવણી નથી, પરંતુ આપણી પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીઓ અને કર્તવ્યોનું પુનઃસ્મરણ કરવાનો એક પવિત્ર અવસર છે. પર્યાવરણનું સંરક્ષણ એ કોઈ એક દિવસનું કાર્ય નથી, તે આપણી રોજિંદી જીવનશૈલીનો ભાગ હોવો જોઈએ. તેમ જણાવી ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી.પરમારે જંગલોને ટકાવી રાખવા, વનોની સુરક્ષા કરવી એ આપણી નૈતિક જવાબદારી છે તેમ જણાવ્યું હતુ.વધુમાં તેઓએ યોગ વિશેનો ખ્યાલ આપી જણાવ્યું હતું કે, યોગ એ માત્ર શારીરિક વ્યાયામ નથી, પરંતુ તે જીવન જીવવાની ઉત્કૃષ્ટ કળા અને વિજ્ઞાન છે. તે આપણને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્તરે સંતુલન પ્રદાન કરે છે. આજના ભાગદોડ અને તણાવયુક્ત જીવનમાં નિયમિત યોગાભ્યાસ આપણને માનસિક શાંતિ, આત્મ-શિસ્ત, સંયમ અને આત્મ-જાગૃતિ શીખવે છે. યોગ આપણને આપણા શ્વાસ સાથે જોડીને વર્તમાન ક્ષણમાં જીવવાની કલા શીખવે છે, જે મનની એકાગ્રતા માટે અનિવાર્ય છે. જ્યારે ધ્યાન આપણને આંતરિક શાંતિ અને અખૂટ આત્મિક ઊર્જા પૂરી પાડે છે.પ્રકૃતિ અને યોગ જનજાગૃતિ માટે" ના ઉદ્દેશ સાથે યોજાયેલ આ કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જનજાગૃતિ ફેલાવવા વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ દરમિયાન યોગ સમર કેમ્પમાં સહયોગ આપનાર વ્યક્તિઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પદાધિકારીઓ, અધિકારીઓ, સુરક્ષાકર્મીઓ, વન કર્મીઓ, વિદ્યાર્થીઓ તેમજ વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ યોગાભ્યાસ કર્યો હતો. જે બાદ "પ્રકૃતિથી પ્રેરિત, આપણાં માટે અને આપણા ભવિષ્ય માટે"ના સંદેશ સાથે કેન્દ્ર સરકારના "એક પેડ માં કે નામ 3.0" અભિયાન અંતર્ગત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઇ ગામીત, ઉત્તર ડાંગનાં નાયબ વન સંરક્ષક મુરારીલાલ મીણા, દક્ષિણ ડાંગનાં નાયબ વન સંરક્ષક નિરજ કુમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ, પ્રાંત અધિકારી ઉમેશ પટેલ, પૂજ્ય પી.પી.સ્વામી, સ્ટેટ યોગ કો-ઓર્ડીનેટર અનિલભાઇ ત્રિવેદી, ઉપસ્થિત રહ્યા હતા.સાથે દક્ષિણ ડાંગ વન વિભાગમાં સમાવિષ્ટ વાંસદા નેશનલ પાર્કમાં "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો,"એક પેડ મા કે નામ 3.0" અભિયાન અંતર્ગત વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા 112 છોડ રોપી પર્યાવરણ જતનનો સંદેશ અપાયો હતો. 5મી જૂન "વિશ્વ પર્યાવરણ દિવસ" ના પાવન અવસરની થઈ રહેલી ઉજવણી અંતર્ગત વાંસદા નેશનલ પાર્ક અને દક્ષિણ ડાંગ વન વિભાગ, આહવા દ્વારા પર્યાવરણ જાગૃતિ અને વન સંવર્ધનના ભાગરૂપે એક વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ વર્ષે પર્યાવરણ દિવસની ઉજવણી "પ્રકૃતિથી પ્રેરિત, આબોહવા માટે આપણા ભવિષ્ય માટે" અને "એક પેડ મા કે નામ 3.0" તથા #NowForClimate ના વૈશ્વિક સૂત્ર સાથે કરવામાં આવી રહી છે.આ કાર્યક્રમ અંતર્ગત વાંસદા નેશનલ પાર્કના પરિસરમાં વન વિભાગના ઉચ્ચ મહિલા અધિકારીઓ, ફોરેસ્ટ ગાર્ડ અને અન્ય વન કર્મચારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ.ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાના હાથે ખાડો ખોદી, કાળજીપૂર્વક છોડનું રોપણ કર્યું હતું અને તેને પાણી પાઈને તેના ઉછેર અને રક્ષણની જવાબદારી સ્વીકારી હતી.આ પ્રસંગે પરીક્ષેત્ર વન અધિકારી હિના પટેલે જણાવ્યું હતુ કે, ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનના આ યુગમાં પ્રકૃતિનું સંતુલન જાળવવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવું એ સમયની માંગ છે. "એક પેડ મા કે નામ" અભિયાનને સાર્થક કરતા વન સ્ટાફ દ્વારા સ્થાનિક પર્યાવરણને અનુકૂળ એવા વૃક્ષોના છોડ અહીં રોપવામાં આવ્યા છે. જેનુ જતન ખૂબ જ સંવેદના સાથે કરવામાં આવશે.આ સમગ્ર કાર્યક્રમમાં દક્ષિણ ડાંગનાં ડી.સી.એફ.નિરજકુમાર(IFS)નાં માર્ગદર્શન હેઠળ ACF જેનીલ દેસાઈ સહિત વાંસદા નેશનલ પાર્ક અને દક્ષિણ ડાંગ વન વિભાગના વનકર્મીઓ ઉત્સાહભેર જોડાયા હતા, અને આગામી ચોમાસાની ઋતુમાં પણ આ ગ્રીન કવરને વધારવા માટે વન વિભાગ કટિબદ્ધ હોવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતી.

હરિયાળા ગુજરાતનો સંકલ્પ:-ઉત્તર ડાંગ વન વિભાગમાં સમાવિષ્ટ સુબીર નવજ્યોત હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાનો ૭૭ મો વનમહોત્સવ ઉજવાયો..

દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણા થી સમગ્ર રાજ્યમાં 'એક પેડ માઁ કે નામ 3.0' અંતર્ગત ૭૭ માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.ત્યારે રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં પણ આજરોજ સુબીર નવજ્યોત હાઈસ્કૂલ ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ૭૭માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.બાપ દાદાઓથી ડાંગીજનોનો પ્રકૃતિ સાથે નાતો રહ્યો છે. ડાંગ જિલ્લાના આદિવાસી લોકો પ્રકૃતિ પૂજક છે, પ્રત્યેક ડાંગીજનોની ઓળખ, માન-સન્માન, અને સમગ્ર જીવન જંગલને આભારી છે, તેમ જણાવતા ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે, જીવનમાં વનોની મહત્તા સ્પષ્ટ કરતા, સૌને તેની જાળવણીનું આહ્વાન કર્યું હતુ.૭૭ માં વન મહોત્સવના કાર્યક્રમની જિલ્લા કક્ષાની ઉજવણીના અધ્યક્ષ સ્થાનેથી બોલતા વિજયભાઈ પટેલે, ડાંગના પ્રકૃતિ પ્રેમી અને પ્રકૃતિ પૂજક પ્રજાજનો જ, જંગલના સાચા રક્ષકો છે તેમ કહ્યુ હતુ.જંગલમાં વસતા આદિજાતિ પરિવારોનું વન આધારિત જુદી જુદી યોજનાઓના સથવારે તેમનું જીવન ધોરણ બદલાયું છે તેમ પણ તેમણે જણાવ્યુ હતુ. વૃક્ષ પરોપકારી જીવ છે. વૃક્ષ માનવી માટે ખુબ જ ઉપયોગી છે, ત્યારે આપણે સૌ મળીને વનોનું જતન કરવું જોઈએ, જંગલ જ ડાંગ જિલ્લાની ઓળખ છે. જંગલના કારણે ડાંગ જિલ્લામાં પ્રવાસીઓ આવી રહ્યાં છે. તેમ કહ્યું હતુ.વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ 'એક પેડ માઁ કે નામ 3.0' અભિયાન શરૂ કર્યું, જે અંતર્ગત દરેકે પોતાના જન્મદિવસ કે શુભ દિવસે વૃક્ષ વાવીએ વૃક્ષોનું જતન કરવું જોઈએ.આ સાથે જ ડેમના મુદ્દે ભરમાંવવું નહીં, પાણીની સમસ્યા નિવારણ માટે ડાંગ જિલ્લામાં નાના નાના ડેમો બનાવવામાં જરૂરી છે તેમ વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ. લોકોની સુખાકારી માટે પાણી વ્યવસ્થા કરવી જરૂરી છે ત્યારે સૌ લોકોને સહકાર આપવાની અપીલ વિજયભાઈ પટેલે કરી હતી. પાણીની સગવડ રહેશે તો પશુપાલન અને ખેતી ક્ષેત્રે લોકો પ્રગતિ કરી શકશે.વિજયભાઈ પટેલે વન વિભાગ દ્વારા વૃક્ષ વાવવા તેમજ જંગલ બચાવવા માટે કરેલ ઉત્કૃષ્ઠ કામગીરીને બિરદાવી હતી. સમગ્ર ગુજરાતમાં ૧૧ કરોડ વૃક્ષારોપણનો નિર્ણય લેવાયો છે. જેમાં ડાંગ જિલ્લામાં ૬ લાખ થી વધુ વૃક્ષનું વાવેતર કરવામાં આવેલ છે. તેમ તેઓએ વધુમાં જણાવ્યું હતુ. વન મહોત્સવની શરૂઆત ગુજરાતના પુત્ર અને ભારતના પ્રથમ કૃષિમંત્રી, ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુનશી દ્વારા ઇ.સ.૧૯૫૦માં કરાવવામાં આવેલ હતી. તેમજ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્ય સહિત તમામ જિલ્લા અને તાલુકાઓમાં પણ વન મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. તેમ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીતે પોતાના પ્રા